

# આપણા દેશનું નામ શું ?

પ્રા.નવનીતલાલ વી રાણા
રાજયશાસ્ત્ર વિભાગ
ડી.એન.પી.આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ડીસા.

વાત રાજયનાં નામાંતરની નિકળી છે. એટલે આપણા દેશનાં નામનાં નિર્ધારણ કે, નામકરણ અંગે પણ વિચાર કરી લેવાની ઘડી આવી પહોચેલી લાગે છે. આપણા દેશનાં અનેક શહેરોનાં નામ બદલાયા છે, કેટલાક રાજયોનાં નામ પણ બદલાયા છે. એટલું જ નહી,પણ એ બધાના નવા નામો એકદમ ચલણી બન્યા હોવા છંતા કમનસીબે ભારતનું નામ હજુ આપણે કોઇ એક નિર્ધારીત કર્યુ નથી.આપણા દેશનું નામ શું ? એવું આપણે કોઇને પૂછીએ તો કોઇ કહેશે ભારત, કોઇ એને હિન્દુસ્તાન ગણાવશે તો કોઇ ઇન્ડિયા કહેશે. ભારતીય બંધારણનાં અનુચ્છેદ-૧ માં દેશનુ નામ જોશો તો બંધારણ મુસદદા સમિતિનાં અધ્યક્ષ બાબાસાહેબ ડો.ભીમરાવ આંબેડકરે પ્રસ્તાવિત કરેલુ દેશનું નામ “ઇન્ડિયા ધેટ ઇઝ ભારત ” જોવા મળશે. પ્રચલીત નામ ભલે ‘ભારત’ કે ‘હિન્દુસ્તાન’ કે, પછી ‘ઇન્ડિયા’ હોય, પણ એનું સત્તાવાર નામ તો “ ઇન્ડિયા ધેટ ઇઝ ભારત ”જ છે. વિશ્વનો આ દેશ જ એકમેવ અને અનોખો છે કે,જેનું આવું વર્ણશંકર નામ છે. બીજા કેટલાક દેશોનાં નામ અંગ્રેજી અને જે તે દેશની રાષ્ટ્રભાષામાં નોખા જોવા જરૂર મળશે, પણ “ ઇન્ડિયા ધેટ ઇઝ ભારત” તો બેનમૂન છે.

બ્રિટીશ અને એ અગાઉનાં મુઘલ કે સલ્તનત શાસનકાળ દરમ્યાન આપણા દેશનાં આજના નકશામાં આવતાં નગરો-મહાનગરોનાં નામ પણ નોખા હતા. ગુજરાતી ભાષામાં લગભગ ૭૦ ટકા શબ્દો અરબી-ફારસીનાં હોવાના કારણે આપણને અહમદશાહે વસાવેલા અહમદાબાદનું અંગ્રેજીમાં ‘એહમેડાબાદ’ થાય તો કશું અજુગતુ લાગતું નથી, પણ વડોદરાનું બરોડા, ભરૂચનું બ્રોંચ, વલસાડનું બલસાર, ખંભાતનું કેમ્બે જેવું નામકરણ અંગ્રેજ શાસનમાં થાય તો, ખૂંચવું સ્વાભાવિક છે. એટલે જ અનેક શહેરોનાં નામો સમાયાંતરે એમનાં ઇતિહાસ અને વર્તમાન શાસકોનાં આગ્રહ-દુરાગ્રહનાં કારણે મૂળ સ્વરૂપમાં લવાયા. બોમ્બેનું મુંબઇ, ત્રિવેન્દ્રમનું તિરુઅનંતપુરમ, બરોડાનું વડોદરા, મદ્રાસનું ચેન્નઇ કલકતાનું કોલકતા કે પછી બેગ્લોરનું બેંગલુરુ થયુ. વિદેશોમાં પણ ચીનની રાજધાની પીકિંગમાંથી બીજિંગ, મ્યાનમારની રાજધાની રંગુનમાંથી યાંગુન થઇ શકે છે. દેશોનાં નામાંતરમાં સિલોનમાંથી ‘ શ્રીલંકા’ કે બર્મા કે બ્રહ્મદેશમાં ‘મ્યાનમાર’ થઇ શકે છે. દેશનું નામ બદલાઇ શકે, નવું નામ પ્રચલિત થઇ શકે પણ અનેકતામાં એકતા ધરાવતાં અને પાંચ હજાર વર્ષ પુરાણી સંસ્કૃતિ ધરાવનાર દેશનું નામ હજુ બદલવાનું કે,તેનું યોગ્ય નામ રાખવાનું આપણે આઝાદીનાં સાત દાયકા પછી પણ સુઝે નહી કે, એ અમલમાં ના આવે એને નાલેશી જ કહેવી પડે.

ભારતીય બંધારણમાં રવિવાર, ૧૮ સપ્ટેમ્બર, ૧૯૪૯ નાં રોજ ડો.રાજેન્દ્ર પ્રસાદની અધ્યક્ષતામાં દેશનાં નામકરણનો પ્રશ્ન ચર્ચા માટે આવ્યો ત્યારે ઘણી ઉગ્ર ચર્ચા અને ખેચતાણ પણ થઇ હતી. ડો.આંબેડકરે ‘ઇન્ડિયા ધેટ ઇઝ ભારત’ નામ પ્રસ્તાવિત કર્યુ, એની સામે એચ.વી.કામથે વાંધો રજુ કર્યો. સુધારો રજુ કર્યો ‘ ભારત કે અંગ્રેજીમાં ઇન્ડિયા ’ કે પછી ‘ હિન્દ કે અંગ્રેજીમાં ઇન્ડિયા ’ નામ રજુ કર્યુ. તેમણે ‘ ભારત’ ના નામનો ઇતિહાસ રજૂ કર્યો. શેઠ ગોવિંદદાસે તો વેદ,ઉપનિષદ, બ્રાહ્મણ, ભીષ્મપર્વ, મહાભારત, વિષ્ણુપુરાણ, બ્રહ્મપુરાણ વગેરેને ટાંકીને ભારત, હિન્દુસ્તાન, હિન્દ અને ભારતભૂમિ કે ભારતવર્ષ જેવા નામો રજુ કર્યા. ડો.આંબેડકરે ભડકીને આવા નામોનાં ઐતિહાસીક

મહત્વને રજુ કરવા અંગે પ્રશ્નો ઉભા કર્યા હતા. કામથ ‘ ઈન્ડિયા ધેટ ઈઝ ભારત’ ને બદલે “ ભારત ” નાં આગ્રહી રહયા. જો કે લાંબી ચર્ચા ચાલી, પણ ૩૮ વિરૂધ્ધ ૫૧ મતે નામકરણ તો “ ઈન્ડિયા ધેટ ઈઝ ભારત ” જ થયું. અને આજ સુધી તેમાં કોઈ ફેરફાર કરાયો નથી. સમાંતરે એની ચર્ચા થતી રહી. વીર સાવરકરે સિંધુસ્થાન, હિન્દુસ્થાન કે આર્યવર્તનો આગ્રહ સેવ્યો. વર્તમાન ભાજપી શાસકોની માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) દેશનું નામ ‘ભારત’ તરીકે વાપરવાનું પસંદ કરે છે, પણ મોદી સરકારને ‘ ઈન્ડિયા’ જ ગમે છે.

રહેલા ઉતર પ્રદેશનાં રાજયપાલ અને વાજપેયી સરકારમાં પ્રધાન રામ નાઈકે પોતાના જ પક્ષનાં બે સાંસદો પ્રા.રામ કપાસે (આંદામાન-નિકોબારનાં ઉપરાજયપાલ રહેલા) અને પ્રા.પ્રેમકુમાર ધૂમન(હિમાચલનાં મુખ્યમંત્રી રહેલા) તથા સંતોષકુમાર ગંગવાર સાથે દેશનું નામ ‘હિન્દુસ્તાન’ કરવા માટેનાં વિધેયક છેક ૧૯૮૯ થી લઈને ૧૯૯૪ દરમ્યાન લોકસભામાં રજુ કર્યા હતા. ગોવાના કોંગ્રેસી સાંસદ શાંતારામ નાઈકે ૯ ઓગસ્ટ,૨૦૧૨ નાં રોજ રાજયસભામાં ‘ભારત’ નામ કરવા માટેની દરખાસ્ત કરી હતી. સમાજવાદી પક્ષે પણ એપ્રિલ ૨૦૦૪ માં ‘ભારત’ ની દરખાસ્ત રજુ કરી હતી. વિશ્વ હિન્દુ પરિષદે ફેબ્રુઆરી ૨૦૦૩ માં ‘હિન્દુસ્તાન’ નામકરણથી ‘હિન્દુરાષ્ટ્ર’ નું ગૌરવ પુનઃ પ્રસ્તાપિત કરવાનો આગ્રહ કર્યો હતો.